# જાહેર ખબર

## ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.),

બ્લોક નં.૨, ડી-૨ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર

### ફક્ત અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિ (અતિપછાત)ના વ્યકિતઓ માટે

અનુસૂચિત જાતિ પૈકી ૧૨ અંત્યોદય જાતિઓ જેમાં **હાડી, નાડિયા, સેનવા, તુરી,ગરો, વણકરસાધુ, અનુ.જાતિના બાવા, થોરી, તીરગર-તીરબંદા, તુરી-બારોટ, માતંગ, વાલ્મીકી (સફાઇ કામદાર અને તેમના આશ્રિતો સિવાયના)**નો સમાવેશ થાય છે. અંત્યોદય (અતિપછાત) જાતિના વ્યકિતઓને સ્વરોજગારી પુરી પાડવાના હેતુથી નીચે દર્શાવેલી યોજનાઓ અમલમાં લાવવા નિગમે ઠરાવેલ છે.

| ક્રમ | યોજનાનું નામ | યુનિટની સંખ્યા | યુનિટ કોષ્ટ રકમ રૂ. | યુનિટ કોષ્ટ પૈકી | | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી ફાળો | નિગમનો ફાળો | |
| ૧ | **વિભિન્ન નાના વ્યવસાય માટે સ્ટોલ્સ** (ટી સ્ટોલ, ઠંડાપીણા માટેનો શોપ, ઇસ્ત્રી સ્ટોલ, બ્યુટીપાર્લર શોપ, સાયકલ-સ્કુટર પંચર શોપ, ટેલરીંગ શોપ, વેજીટેબલ અને ફ્રુડ શોપ) | ૩૫૦ | ૬૦,૦૦૦/- થી ૧,૦૦,૦૦૦/- | ૧૦ ટકા | ૯૦ ટકા | ૬% |
| ૨ | **પશુપાલનની યોજના** | ૨૦૦ | ૧,૦૦,૦૦૦/- | ૧૦ ટકા | ૯૦ ટકા | ૬% |
| ૩ | **મહિલા સમૃધ્ધિ યોજના (ફક્ત વિધવા મહિલાઓ માટે)** | ૫૦૦ | ૧,૦૦,૦૦૦/- | -- | ૧૦૦ ટકા | ૬% |
| ૪ | **પેસેન્જર ઓટોરીક્ષા** | ૧૬૦ | ૨,૦૦,૦૦૦/- | ૧૦ ટકા | ૯૦ ટકા | ૬% |
| ૫ | **લોડીંગ રીક્ષા (કેરીયર વાહન)** | ૫૦ | ૨,૦૦,૦૦૦/- | ૧૦ ટકા | ૯૦ ટકા | ૬% |

આ યોજનાઓના અરજી પત્રક મેળવવાની અને ભરેલ અરજી પત્રક સ્વીકારવાની મુદત **તા.૧૯/૧૧/૨૦૧૮થી તા.૦૫/૧૨/૨૦૧૮** સુધીની રહેશે. આ યોજનાનો લાભ ફકત મૂળ ગુજરાતના વતની હોય તેવા અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિ(અતિપછાત)ના વ્યકિતઓને જ આપવામાં આવશે. જેથી પાત્રતા ધરાવતા વ્યકિતઓએ સ્થાનિક જિલ્લા નાયબ નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરીએથી સંબંધિત યોજનાઓ માટેનું નિયત અરજી પત્રક ઉપર જણાવેલ તારીખો દરમ્યાન મેળવવાનું રહેશે. તથા આ અરજીપત્રકમાં જ અરજી કરી સાધનિક કાગળો તથા જરૂરી આધારો સાથે સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરીમાં તા.૦૫/૧૨/૨૦૧૮સુધીમાં કચેરી સમય દરમ્યાન પરત કરવાનું રહેશે. તા.૦૫/૧૨/૨૦૧૮ પછી કોઇપણ અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહીં. અરજદારો નીચે મુજબની પાત્રતા ધરાવતા હોવા જોઇએ.

(૧) અરજદારના કુટુંબની વાર્ષિક આવક (વર્ષઃ૨૦૧૭-૧૮) ગ્રામ્ય / શહેરી વિસ્તાર માટે રૂા.૩-૦૦ લાખથી વધુ હોવી જોઇએ નહી. જે માટેનો સક્ષમ અધિકારીનો આવકનો દાખલો. (૨) અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ. (૩) અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહી. (૪) અરજદાર ઉકત વાહન ચલાવવા માટેનું પાકુ લાયસન્સ તેમજ પેસેન્જર વાહન ચલાવવાનું ઓથોરાઇઝેશન (પેસેન્જર બેઝ) ધરાવતા હોવા જોઇએ. (૫) અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય(અતિપછાત) જાતિના લાભાર્થીઓ હોવા જોઇએ.

અરજીપત્રકમાં પુરેપુરી વિગતો સાથે આપેલ સુચનાઓ અને અરજીપત્રકમાં દર્શાવેલ શરતો વિગેરે વાંચી સમજીને લોન અરજી કરવાની રહેશે. અધૂરી વિગતોવાળી, જરૂરી દસ્તાવેજોની પ્રમાણિત નકલ સિવાયની તથા નિયત કરેલ તારીખ બાદ આવેલ લોન અરજીઓ જિલ્લા નાયબ નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરી ધ્વારા સ્વીકારવામાં આવશે નહિ. અને અરજીઓ મંજુર / નામંજુર કરવાની આખરી સત્તા નિગમને રહેશે. આ અંગે કોઇપણ જાતની તકરાર કે કોર્ટ વિવાદ ચાલશે નહી. વિસ્તૃત માહિતી માટે નિગમની વેબસાઇટ www.sje.gujarat.gov.in/gapb અથવા સ્થાનિક જિલ્લા નાયબ નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

સહી/-
જી.એસ.પરમાર GAS
મેનેજીંગ ડીરેકટર
ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)
ગાંધીનગર

સહી/-
ગૌતમ ગેડીયા
અધ્યક્ષ
ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)
ગાંધીનગર

**ખાસ નોંધઃ-** આ અગાઉ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ની યોજનાઓ હેઠળ જેમણે લાભ મેળવેલ હોય તેમણે ફરીથી અરજી કરવી નહી. આમ છતા આવી અરજી કરેલ હશે તો કોઇપણ તબકકે તે રદ કરવામાં આવશે.